CS - REC - 07, Issue : 02-01-01-03

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

## દૂધસાગર ડેરી, મહેસાણા.

પરિપત્ર નં. સી.એસ./મિલ્ક/દૂધભાવ/૦૩/૨૦૧૬-૨૦૧૭ તારીખ : ૨૦.૦૫-૨૦૧૬

આથી સર્વે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું કે, તા. ૨૧-૦૬-૨૦૧૬ સવારથી ફરીથી જણાવવામાં ન આવે ત્યાં સુધી, સારા દૂધના ભાવ દર કીલો ફેટના રૂા. ૬૦૦-૦૦ પૈસા નીચે મુજબ રહેશે.

| પ્રકાર | ફેટ ટકા | એસ.એન.એફ ટકા | સારૂ દૂધ રૂા. પૈસા | ખાટું દૂધ રૂા. પૈસા | દહીં રૂા. પૈસા |
|---|---|---|---|---|---|
| ભેંસનું દૂધ | ૫.૧ અને ઉપર | ૯.૦૦ અને ઉપર | ૬૦૦.૦૦ | ૪૫૦.૦૦ | ૩૦૦.૦૦ |
| ગાયનું દૂધ | ૩.૦ અને ઉપર | ૮.૫ અને ઉપર | ૨૮૦.૦૦ | ૨૧૦.૦૦ | ૧૪૦.૦૦ |

ઉપરોક્ત ધોરણ કરતાં નીચા પ્રકારના હલકા દૂધના, ખાટા દૂધના તથા દહીંના નાણાં સંઘમાં આવેલ સારા દૂધના ભાવનો ચોથો ભાગ ગણી ચૂકવવામાં આવશે.

(૧) ઉપરોક્ત ભાવો કામચલાઉ છે. તા. ૧-૦૪-૨૦૧૬ થી દૂધના ભાવ કામચલાઉ (Provisional) બાંધવામાં આવે છે. મંડળીઓએથી આવતા દૂધમાંથી સંઘને ઉપજેલાં નાણાં ધ્યાનમાં લીધા બાદ વર્ષ આખરે છેવટના ભાવની વધ/ઘટ નક્કી કરી જણાવવામાં આવશે.

(૨) મંડળીઓએથી દૂધ ઉત્પાદકોને ચૂકવવાના ભાવ માટેનો કોઠો આ સાથે સામેલ રાખવામાં આવે છે.

(૩) મંડળીઓએથી મોકલાવેલ દૂધ સંઘમાં કોઈ કારણસર વપરાશ માટે હાનીકારક જણાશે તો તે દૂધ સંઘમાં સ્વીકારવામાં આવશે નહીં. અને તે દૂધનો મંડળીઓને અગાઉથી જાણ કર્યા વગર નાશ કરવામાં આવશે. તે દૂધ પેટે સંઘમાંથી મંડળીઓને કોઈ કીંમત ચૂકવવામાં આવશે નહીં. આવા નાશ કરવામાં આવેલ દૂધ અંગેનો સંઘની લેબોરેટરીનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ભેંસના સારા દૂધમાં એસ.એન.એફ.નું પ્રમાણ જાળવવા માટે લેકટોમીટરનો આંક (૭૦° ફે. તાપમાન) અને ફેટનો સરવાળો ૩૬ અથવા ૩૬ કરતાં વધુ થવો જોઈએ. અને ગાયના સારા દૂધમાં લેકટોમીટરનો આંક (૭૦° ફે. તાપમાન) અને ફેટનો સરવાળો ૩૪ અથવા ૩૪ કરતાં વધારે હોવો જોઈએ.

(૫) એસ.એન.એફનું પ્રમાણ જળવાઈ રહે તે માટે દૂધ લેતી વખતે લેકટોમીટરનો ઉપયોગ કરવા ખાસ ભલામણ છે.

આપનો વિશ્વાસુ,
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પા. સંઘ લિ. વતી,

ઈ. મેનેજીંગ ડીરેક્ટર

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
......................................દૂ.ઉ.સ.મં.લિ.
મુ......................... તા.......................